ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૪૦.૦° સે. | ૨૩.૦° સે. |
| બારડોલી | ૪૦.૦° સે. | ૨૩.૦° સે. |
| ભરૂચ | ૪૨.૦° સે. | ૨૩.૦° સે. |
| વ્યારા | ૪૦.૦° સે. | ૨૩.૦° સે. |



**41.90 કિ.મી લંબાઈનો માર્ગ રૂ.1412 કરોડના ખર્ચે નિર્માણ પામશે: ભરૂચના ભોલાવથી શ્રવણ જંકશન સુધી**

# 6 લેન એલિવેટેડ કોરિડોર વર્ષમાં તૈયાર થઈ જશે

| કોરિડોરની લંબાઈ | બંને બાજુ સર્વિસ રોડ | પૂર્ણ થયેલી કામગીરી | એક્સેસ કંટ્રોલ્ડ વેમાં | આ એક્સપ્રેસવેમાં | એક્સેસ કંટ્રોલ્ડ વેમાં | આ એક્સપ્રેસ-વેમાં |
|---|---|---|---|---|---|---|
| 3.40 કિમી | 7 મીટર પહોળા | 50% | 7 ફ્લાયઓવર | 15 અંડરપાસ | 12 માયનોર બ્રિજ | 106 બોક્સ તથા કલવર્ટ |

**કોમર્શિયલ** વાહનોનો રસ્તો શહેરી વાહનોથી અલગ થતાં 60 હજાર વાહનને ફાયદો

**દહેજના** 15 ગામ અને દહેજ ઔદ્યોગિક વિસ્તારના 16 લાખ લોકોને લાભ મળશે

ભરૂચ, અમદાવાદ : દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી ગુજરાતમાં નિર્માણ થયેલા દહેજ PCPIRને આગામી દિવસોમાં વધુ સંગીન અને સુદ્રઢ રોડ કનેક્ટિવિટી મળતાં વાહન અવરજવર સાથે રોકાણકારો માટે ટ્રાન્સપોર્ટ હળવું અને સરળ બનશે અને ઈંધણ પણ બચશે.

હાલમાં રાજ્યના CM ભૂપેન્દ્ર પટેલે તાજેતરમાં ભરૂચની સૂચક મુલાકાતે આવતા ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડ દ્વારા ભરૂચ-દહેજ રોડ પર હાથ ધરાઈ રહેલા અદ્યતન રોડ બનાવવા સમીક્ષા કરી હતી.

ભરૂચ-દહેજ રોડ પર ભોલાવ જંકશનથી શ્રવણ જંકશન સુધીનો 3.40 કિ.મી. લાંબો છ લેન એલિવેટેડ કોરિડોર અંદાજે રૂ.440 કરોડના ખર્ચે આકાર પામી રહ્યો છે. આ જ માર્ગ પર મનુબર જંકશનથી દહેજ સુધી 38.50 કિ.મી.નો એક્સેસ કંટ્રોલ્ડ એક્સપ્રેસવે અંદાજે રૂ.972 કરોડના ખર્ચે નિર્માણ પામ્યો છે. ઉલ્લેખનીય છે કે દહેજ PCPIR દેશના ચાર PCPIR પૈકીનો એક છે અને 453 ચો.કિલોમીટરમાં પથરાયેલા આ ઔદ્યોગિક ઝોનમાં કાર્યરત ઉદ્યોગોમાં અવર-જવર કરનારા સ્થાનિકો, અગ્રણી રોકાણકારો, આસપાસના ગ્રામજનોને ભરૂચ સાથે જોડતો દહેજ-ભરૂચ માર્ગ એક મહત્વનો ભાગ ભજવશે. ઉપરાંત ટ્રાફિકનો પ્રશ્ન પણ હલ થશે.

રાજ્ય સરકારે આ સમસ્યાના કાયમી નિવારણ માટે ભરૂચ- દહેજ માર્ગ પર ભોલાવ જંકશનથી શ્રવણ જંકશન સુધીના રોડને 6 લેન એલિવેટેડ કોરિડોરનું પ્લાનિંગ હાથ ધર્યું છે. આ ઉપરાંત ભરૂચ-દહેજ રોડ પરના મનુબર જંકશનથી દહેજ સુધી 38.50 કિ.મી.ના એક્સેસ કંટ્રોલ્ડ એક્સપ્રેસ વેની કામગીરી પણ પ્રગતિમાં છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ગુજરાતના ટોચના અધિકારી અને માર્ગ મકાન સચિવ પ્રભાત પટેલિયા સહીત ઈજનેરો સાથે બેઠક રાખી હતી. જેમાં આ બે પ્રોજેક્ટસની વિસ્તૃત વિગતો આપતા સચિવ પટેલિયાએ વિગતો આપી હતી.

NATA
INTERIOR DESIGN ■ NID
ENTRANCE Exam
PREPARATION
GAJENDRA MAJITHIA
91- 98251 47447

## ભરૂચમાં ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમતો એક શખ્સ ઝડપાયો, એક વોન્ટેડ

ભરૂચઃ ધોળીકુઈ બજારનો હિરેન રાણાએ ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમવા ID અને પાસવર્ડ તેના ગ્રાહકોને આપે છે. જેમાં IPL ક્રિકેટ ટુર્નામેન્ટ રોજેરોજ મેચમાં ઓનલાઈન રૂપિયાથી હારજીતનાં સોદાથી ક્રિકેટ સટ્ટો રમી રમાડે છે. જે બાતમીના આધારે ભરૂચ LBC પોલીસે રેડ કરી શક્તિનાથ સર્કલ નજીક સોડાની દુકાન ચલાવનાર ભગતસિંહ દમોદરસિંહ સિસોદિયા (ઉ.વ.47 (રહે., અંબર સંકુલ એપાર્ટમેન્ટ, શક્તિનાથ,ભરૂચ)એ હિરેન રાણા પાસેથી ID અને પાસવર્ડ ખરીદીને મોબાઈલ પર Thetiger247.COM વેબસાઈટ પર સુપર જાઈન્ટસ વિરુદ્ધ પંજાબ કિંગ્સ વચ્ચે રમાતી મેચમાં ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમતો જણાઈ આવ્યો હતો. પોલીસે તેઓની અંગ ઝડતીમાં રોકડા રૂ.11,850 તથા એક મોબાઈલ કિંમત રૂ.3000 મળીને કુલ રૂ.14,850ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો. હાલ આઈપીએલ મેચટુર્નામેન્ટ ચાલી રહી છે ત્યારે સટ્ટોડિયાઓ પણ તેમની ગેમ રમવામાં લાગી ગયા છે. ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમવા ID અને પાસવર્ડ આપી સટ્ટો રમાડનાર હિરેનને વોન્ટેડ જાહેર કર્યો છે. આ સાથે પોલીસે આ ખેલમાં અન્ય કોઈ સામેલ છે કે કેમ તે દિસામાં પણ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### અંકલેશ્વરમાં રામ નવમીની ઉજવણી સંદર્ભે શાંતિ સમિતિની બેઠક મળી

અંકલેશ્વરઃ અંકલેશ્વરમાં ડીવાએસપી તેમજ શહેર પોલીસ મથકના પી.આઇ. ની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની બેઠક મળી હતી. જેમાં આગામી તા.6ઠ્ઠી માર્ચના રોજ યોજાનારી રામ નવમીની શોભા યાત્રાને અનુલક્ષીને ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. શોભા યાત્રા દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ નહિ બને અને ભાઈચારા વચ્ચે તહેવાર શાંતિ ભર્યા વાતાવરણમાં સંપન્ન થાય તેમજ ટ્રાફિક વ્યવસ્થા જળવાય રહે તે માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

### રાજપીપળા પંથકમાં VHP દ્વારા ગામે ગામ રામોત્સવ યોજવામાં આવ્યો

રાજપીપળાઃ નર્મદા જિલ્લામાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ગામે ગામ જઈને સંપર્ક કરીને રામ નવમી નિમિતે રામોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે નાંદોદ પ્રખંડના બોરિદ્રા ગામમાં રામોત્સવ યોજાયો, જેમાં વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા સહમંત્રી જયદિપસિંહ ચાવડા, જિલ્લા સત્સંગ પ્રમુખ મીરાભાઈ વસાવા, નાંદોદ પ્રખંડ મંત્રી મહેન્દ્રભાઈ પટેલ, નાંદોદ પ્રખંડ બજરંગ દળ સહ સંયોજક જયદીપભાઈ મહંત, નાંદોદ પ્રખંડ બજરંગ દળ સહ સંયોજક વિશ્વાસભાઈ પટેલ અને બોરિદ્રા ગામના રામભક્તોએ હાજરી આપી હતી. કાંદરોજ ગામમાં રામોત્સવ યોજાયો, જેમાં વિશ્વ હિન્દુ પરિષદના નાંદોદ પ્રખંડના અધ્યક્ષ વૈભવભાઈ પટેલ, કાર્યકર તેજસભાઇ પટેલે અને ગામના રામભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

### નર્મદા પોલીસે ગુનાહિત ઇતિહાસ ધરાવતા ઈસમની પાસા હેઠળ ધરપકડ કરી

રાજપીપળાઃ નર્મદા LCB પોલીસે પ્રોહિબીશન સહિતના અનેક ગુનાઓના આરોપીને નર્મદા કલેકટર સંજય મોદીએ મંજૂર કરેલી દરખાસ્ત મુજબ ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકાના કંબોડીયા ગામના અશોક કેસરીમલ માલીને પાસા હેઠળ ધરપકડ કરી જૂનાગઢ જેલ હવાલે કરી દીધો છે. LCB પી.આઇ. આર.જી. ચૌધરીના જણાવ્યા મુજબ અશોક માલી વિરુદ્ધ નેત્રંગ, નિઝર, કડોદરા, માંગરોળ, અંકલેશ્વર, ડેડીયાપાડા, સાગબારાથી લઇ મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં વિવિધ 16 થી17 જેટલા ગુના નોંધાયા છે .

### રાજપીપળામાં 60 HIV પીડિતોને કીટ આપવામાં આવી

રાજપીપળાઃ રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખાતે પુરુષાર્થ ફાઉન્ડેશન દ્વારા HIV પીડિતોને કીટ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. સંસ્થા દ્વારા ૬૦ જેટલા HIV પીડિતોને ન્યુટ્રિશન કીટ આપી સંસ્થા મદદરૂપ બની હતી. આ કીટ વિતરણ કાર્યક્રમમાં ડો. હરેશ કોઠારી, તબીબી અધિક્ષક, ડો. સેજલ મેડમ, નોડલ ઓફિસર, સ્મિતા પટેલ, નાયબ નર્સિંગ અધિક્ષક, ડો. પ્રેરક આનંદ, સંદીપભાઈ પટેલ, કાઉન્સિલર, સીમા રોહિત પુરુષાર્થ ફાઉન્ડેશન તેમજ એઆરટી સેન્ટર ના કાઉન્સિલર જીગ્નેશ પરમાર, સ્ટાફ નર્સ નીલમ વસવા, લેબ ટેક્નિશિયન ખૂબી ભટ્ટ સાથે સમગ્ર પ્રોજેક્ટના હેલ્થ પ્રમોટરમાં ગીતાબેન પટેલ અને હેતલબેન ખત્રી, માનસિંગભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

### નેત્રંગ તાલુકા પંચાયત ખાતે નવા ટી.પી.ઓને આવકારતું શૈક્ષિક મહાસંઘ

નેત્રંગઃ નેત્રંગ તાલુકા પંચાયત ખાતે પ્રાથમિક શિક્ષણ વિભાગ શાખામાં ઇન્ચાર્જ ટીડીઓ તરીકે ચાસવડ પ્રાથમિક શાળામા ફરજ બજાવતા સુરેશભાઈ વસાવા ઇન્ચાર્જ ટીડીઓ તરીકે ફરજ બજાવતા હતા. તેઓની જગ્યાએ કાયમી ટીપીઓ તરીકે દિગ્વજયસિંહ રાણાની નિમણૂક થતાં પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ નેત્રંગ અને ભરૂચ દ્વારા નવા ટીપીઓ દિગ્વિજયસિંહ રાણા સન્માન સત્કાર તેમજ ઇન્ચાર્જ ટીપીઓ સુરેશભાઈ વસાવાનો વિદાય સમારંભ યોજવામા આવ્યો હતો, જેમા શૈક્ષિક મહાસંઘ ભરૂચ જિલ્લાના અધ્યક્ષ પુષ્પરાજસિંહ ગોહિલ, કાંટીપાડના ગૃપ શિક્ષક અને બીટ નિરીક્ષણ વજેસીંગભાઈ વસાવા, પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ નેત્રંગ તાલુકાના અધ્યક્ષ રાજનભાઈ ગાંવિત, મહામંત્રી મહેન્દ્રભાઈ વસાવા, ઉપાધ્યક્ષ વિનોદભાઈ ચૌધરી, સંગઠન મંત્રી અંકીતભાઈ, સહમંત્રી શશીકાંતભાઈ વિગેરે હોદ્દેદારો તેમજ શિક્ષક મિત્રો હાજર રહ્યા હતા.

## અંકલેશ્વરમાં મહિલાના ગળામાંથી ચેઈન સ્નેચિંગ કરી ભાંગતા બે સ્નેચરોને પોલીસે ઝડપી પાડ્યા

**સુરતમાંથી** બાઈકની ચોરી કરી અંકલેશ્વરમાં ચેઇન સ્નેચિંગને અંજામ આપ્યો

**ભરચક** વિસ્તારમાં લોકોએ આંતરતા ચપ્પુ બતાવી હાંસોટ તરફ ભાગ્યા હતા

અંકલેશ્વર: અંકલેશ્વરના જ્યોતિ ટોકીઝ જેવા અવર જવર ધરાવતા માર્ગ ઉપર ચોરીની બાઈક ઉપર આવેલા એક કિશોર સહિત બે ગઠિયાઓ એક મહિલાના ગળામાંથી સોનાની ચેઇન તોડી ભાગી છૂટ્યા હતા. જોકે પોલીસને તુરંત જાણ થતાં પીછો કરી બંને આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

હાંસોટ તરફના મુખ્ય માર્ગ ઉપર જ્યોતિ ટોકીઝ પાસે બસની રાહ જોઈ ઊભી રહેલી એક ગૃહિણીના ગળામાંથી સોનાની ચેઇન તોડી બે ગઠિયાઓ લોકોની ભીડ વચ્ચેથી બાઈક ઉપર હાંસોટ તરફ ભાગી છૂટ્યા હતા. ચેઇન તોડી ભાગતા બંને ગઠિયાઓને લોકોએ રોકવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ હાથમાં તિક્ષ્ણ ચપ્પુ બતાવી બંને ભાગી છૂટ્યા હતા. આ દરમિયાન અંકલેશ્વર એ ડિવિઝન પોલીસ નજીકના વિસ્તારમાં જ પેટ્રોલિંગ હતી, તેઓને જાણ થતાં તેઓએ પીછો કર્યો હતો. અંકલેશ્વર પોલીસે વાયરલેસ દ્વારા હાંસોટ પોલીસને પણ જાણ કરી દીધી હતી. દરમિયાન અંકલેશ્વર પોલીસે ધંતુરીયા નજીક બાઈક જોઈ હતી. બાઈક રસ્તે મૂકી બંને આરોપીઓ ખેતરમાં છુપાઈ ગયા હતા. પોલીસે લગભગ અડધો કલાકની જહેમત બાદ બંને આરોપીઓને ઝડપી લીધા હતા. પોલીસે આરોપીઓ પાસેથી સોનાના પેન્ડલ સાથેની ચેઇન કિ. રૂ.1,26,000, બાઈક અને ચપ્પુ કબજે લીધા હતા. બે આરોપીઓ પૈકી એક આરોપી સગીર હોવાને કારણે તેને વડોદરા જુવેનાઈલ હોમમાં મોકલી અપાયો હતો જયારે મૂળ ઉતરપ્રદેશના અલ્હાબાદના રહીશ અભિષેક પટેલની અટકાયત કરી હતી. આ બંને આરોપીઓએ બે દિવસ અગાઉ સુરતના ડિંડોલી પોલીસ મથક વિસ્તારમાંથી એક બાઈકની ચોરી કરી હતી અને મંગળવારે અંકલેશ્વર આવી ચેઇન સ્નેચિંગની ઘટનાને અંજામ આપ્યો હતો.

## બ્રિટાનીયાના કર્મચારીઓની 9 દિવસથી હડતાળ છતાં કોઈ નિવેડો નહીં

**માંગ** નહીં સંતોષાતા કામદારોની કંપનીને તાળા મારવાની ચીમકી, કલેક્ટરે નિરાકરણ લાવવાની ખાતરી આપી

ભરૂચ, ઝઘડિયાઃ ભરૂચની ઝઘડિયા જીઆઈડીસીમાં આવેલી બિસ્કીટ બનાવતી જાણીતી બ્રિટાનિયા કંપનીના કામદારો પગાર વધારા સહિતની માંગને લઈને છેલ્લા નવ દિવસથી હડતાળ પર ઉતર્યા છે. ત્યારે બુધવારના રોજ કલેક્ટર સાથે કંપની મેનેજમેન્ટ અને રાજકીય અને કામદાર આગેવાનો સાથે રજૂઆતો કરવા પહોંચ્યા હતા.

ભરૂચના ઝઘડિયા ઔદ્યોગિક બિસ્કિટ બનાવતી જાણીતી બ્રિટાનિયા કંપનીના 311 કર્મચારીઓએ પગાર વધારા સહિત અન્ય પડતર પ્રશ્નોને લઈ છેલ્લા 9 દિવસથી હડતાળનું શસ્ત્ર ઉગામ્યું છે ત્યારે કામદારોની વહારે સાંસદ મનસુખભાઈ વસાવા, ધારાસભ્ય ચૈતરભાઈ વસાવા સહિત અન્ય સ્થાનિક આગેવાનો આવ્યા હતા. જેઓએ કંપની મેનેજમેન્ટ સાથે બેઠક કરી હતી અને મંગળવાર સુધીમાં કામદારોના પ્રશ્નોનું નિરાકરણ કરવા કંપની દ્વારા ખાતરી આપવામાં આવી હતી.

જોકે મંગળવાર બાદ પણ કામદારોના પ્રશ્નનું નિરાકરણ ન આવતા બુધવાર તા.2 એપ્રિલે કોંગ્રેસના સ્થાનિય આગેવાનોને સાથે રાખી કામદારો ભરૂચ કલેકટર કચેરી ખાતે મેનેજમેન્ટ અને રાજકીય અને કામદાર આગેવાનો સાથે રજૂઆતો કરવા પહોંચ્યા હતા. જેમાં કોંગ્રેસ અગ્રણી શેરખાન પઠાણ દ્વારા કામદારો વતી જણાવવામાં આવ્યું હતું કે, કંપની સત્તાધીશો કામદારોની પગાર, મેડિકલ સહિતની જે જરૂરી માંગ છે તેને પુરી કરવામાં આવે અને જો માંગ ન સંતોષાય તો કંપનીને તાળાબંધીની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. જિલ્લા કલેકટરને રજૂઆત કરતી વખતે આપના સંદીપ વસાવા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે જિલ્લા કલેક્ટરે આ મામલે કંપની મેનેજમેન્ટ સાથે ચર્ચા કરી યોગ્ય નિરાકરણ લાવવાની ખાતરી આપી હતી. તેમણે એક દિવસનો સમય માગ્યો છે જેમાં બંને પક્ષો વચ્ચે સમાધાન થાય તેવા પ્રયાસો કરવામાં આવશે.

## ગણેશ સુગર ફેક્ટરના સભાસદે કપાત કરેલી રકમ પરત આપવા નોટિસ આપી

**576** ટન શેરડી સામે કુલ રૂ.43,228ની રકમ કપાઈ હતી

ભરૂચ, ઝઘડિયાઃ વટારીયાની ગણેશ સુગર ફેક્ટરી મુદ્દે વિવાદમાં આવી છે. સુગરના સભાસદે અગાઉ પૈસા કપાત કરાયા બાદ પરત લેવા માટે વકીલ મારફત ગણેશ સુગરને નોટિસ ફટકારી છે.

ગણેશ સુગરના સભાસદ કિશોરસિંહ કોસાડાએ વકીલ જયદીપસિંહ ખેર મારફતે કાનૂની નોટિસ આપી છે કે વર્ષ 2021-22ની સીઝનમાં તેમણે ગણેશ સુગરમાં શેરડીનો પુરવઠો આપ્યો હતો, જેમાં ભાવ વખતે સુગર ફેક્ટરીએ શેરડીના વિકાસ ફંડમાંથી છેલ્લા હપ્તાએ રૂ.75/-પ્રતિ ટનમાં કાપ્યા હતા. એ વખતે સુગરના એમડી અને સુગરના વહીવટકર્તાએ આ કપાયેલી રકમ વ્યાજ સાથે બે વર્ષે આપવાનો નિર્ણય કર્યો હતો. એ વખતે સભાસદનાં 576.૩૭૦ મે.ટન શેરડી ગણેશ સુગરમાં નાંખી હતી, જેને લઈને કુલ રૂ.43,228ની રકમ કપાઈ હતી. જો કે બે વર્ષ પૂરા થવાં છતાં આજદિન સુધી કિશોરસિંહ કોસાડાને રકમ પરત મળી નથી. અગાઉ મેઈલ પર સુગરને જાણ કરી હોવા છતાં કોઈ જવાબ મળ્યો ન હતો. જેને લઈને હાલમાં નોટિસ આપીને 7 દિવસમાં નીકળતા નાણા ચૂકવી આપવા અન્યથા નાણા ન ચૂકવો તો સુગર સામે કાયદેસર કાર્યવાહી કરવાનો જણાવાયું છે. ઉલ્લેખનીય છે કે ગણેશ સુગર ફેકટરીને નોટીસ મળ્યા બાદ તેનો જવાબ આપે કે ન આપે એ જોવું રહ્યું.

## ભરૂચમાં રાત્રે મોપેડ પર નીકળી મોબાઈલની દુકાનોમાં ચોરી કરતો રીઢો પકડાયો

**પાંચબત્તી** વિસ્તારના નેશનલ ટ્રેડ સેન્ટરની દુકાનમાં બેવાર ચોરી કરી હતી

ભરૂચઃ ભરૂચના પાંચબત્તી વિસ્તારમાં આવેલા નેશનલ ટ્રેડ સેન્ટરની મોબાઇલ શોપમાં તા.22 અને 27 માર્ચના રોજ થયેલી ચોરીમાં પોલીસે રીઢા ચોરને ઝડપી પાડ્યો હતો.

પોલીસની ટીમ રાત્રિ પેટ્રોલિંગમાં હતી, તે સમયે શંકાસ્પદ મોપેડચાલક જોવા મળતાં તેને રોકી તેની પાસે રહેલી લેપટોપની બેગ તપાસવામાં આવતાં તેમાંથી કટર સહિતનો સામાન મળી આવ્યો હતો. મનુબરના અહેમદ નગરમાં રહેતાં મોહંમદ ઉર્ફે ઝૈદ પટેલ (ઉ.વ.20) પકડી પાડ્યો હતો. પોલીસે તેની પૂછપરછ કરતાં તેણે બંને ચોરીના ગુનાની કબૂલાત કરી હતી. તેની પાસેથી પોલીસે દુકાનના શટરો તોડવાના સામાન સહિત મોબાઈલ અને લેપટોપનો ચોરીમાં થયેલો રૂપિયા 56,700/-નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આરોપી મોહંમદ રાત્રે એકલો પોતાના મોપેડ લઇને નીકળતો, પોતાની સાથે લેપટોપ બેગમાં રાખેલા કટર મશીન દ્વારા રસ્તામાં આવતી મોબાઈલની દુકાનોને ટાર્ગેટ કરતો હતો. અને પોતાની પાસેની પુઠ્ઠાની આડશમાં દુકાનનું શટર કાપીને ચોરી કરતો હતો.

## વરસાદની આગાહીના પગલે પાકને નુકસાનથી બચવા ખેડૂતોને સૂચના અપાઈ

ભરૂચઃ ભરૂચ જિલ્લામાં આગામી તા-3જી એપ્રિલ (ગુરુવારે) સુધી છૂટાછવાયા વિસ્તારોમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. કૃષિ યુનિવર્સિટીના કપાસ સંશોધન કેન્દ્રના હવામાન વિભાગના હરીનંદન સોડવડિયાએ આ માહિતી આપી હતી.

જિલ્લામાં હાલ મહત્તમ તાપમાન 38 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 23 ડિગ્રી નોંધાયું છે. આગાહી મુજબ વાદળછાયું વાતાવરણ રહેશે. કમોસમી વરસાદથી પાકને થતાં નુકસાનથી બચવા માટે ખેડૂતોને સૂચનાઓ આપવામાં આવી છે. ખેતરમાં કાપણી કરેલા પાક ખુલ્લામાં હોય તો તેને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવા જણાવાયું છે. વૈકલ્પિક રીતે પાકને પ્લાસ્ટિક કે તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવાની સલાહ આપવામાં આવી છે. ખેડૂતોને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી અટકાવવા સૂચના કરાઈ છે. આ સમયગાળા દરમિયાન જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ ટાળવા જણાવાયું છે. ખાતર અને બિયારણના વેપારીઓને પણ તેમનો જથ્થો સુરક્ષિત રાખવા સૂચના આપવામાં આવી છે. ખાસ કરીને APMC દ્વારા વેપારીઓ અને ખેડૂતોને આગોતરા સાવચેતીના પગલાં લેવા અનુરોધ કરાયો

## ઝઘડીયાના શાંતિનગર વિસ્તારમાં મકાન વિવાદમાં ધીંગાણું, નવ સામે ફરિયાદ

ઝઘડિયાઃ ઝઘડીયામાં મકાન વિવાદમાં ધીંગાણું થયું હતું, જેમાં નવ સામે ફરિયાદ નોંધાઈ હતી. ઝઘડિયા ટાઉનના શાંતિનગર વિસ્તારમાં રહેતા વિજયભાઈ ફોગટભાઈ સોલંકી પાસે મંગળવારે રાત્રિના આઠ વાગ્યે તેમના ફળિયામાં રહેતા ભાવેશ, તનુજા, ભટી, સંજય વિજયભાઈ તેઓના ઘરે આવીને જણાવ્યું કે આ જગ્યાએ અમે અમારું મકાન બનાવવાના છે, જેથી તમે આ જગ્યા ખાલી કરી દેજો. જે બાદ ઝપાઝપી કરી હતી. વિજયભાઈએ આવેલા ઈસમમાં વિરુદ્ધ અરજી આપવા ઝઘડિયા પોલીસમથકમાં ગયા હતા. ત્યાંથી પરત ફરતા સમયે આ શખ્સોએ એકસંપ થઈને વિજયભાઈ પર છૂટાહાથે પથ્થરમારો કર્યો હતો. તેમની સાથે આવેલા રસિકભાઈ સોલંકીના માથાના ભાગે ઈજા પહોંચી હતી. તે સમયે સામેના ઈસમોએ વિજયભાઈને તથા તેની પત્ની ગીતાબેનને તથા તેમની સાથેના શંકરભાઈ, હંસાબેન સોલંકી, મનીષાબેન સોલંકી, ગીતાબેન સોલંકી, ગીતાબેન સોલંકીના અને પકડીને માર માર્યો હતો. આજે તો તમે બચી ગયા છો હવે પછી જીવતા નહીં છોડીએ એવી ધમકી આપીને જતા રહ્યા હતા. આ ઘટના અંગે વિજયભાઈ સોલંકીએ ઝઘડિયા પોલીસમાં ફરિયાદ આપતા ભાવેશ સુરેશભાઈ સોલંકી, અક્ષય રાજેશભાઈ સોલંકી, ભલુભાઈ સોલંકી, ભટ્ટીભાઈ સોલંકી, સંજયભાઈ વસાવા, તનુજા ભાવેશ સોલંકી, સેજલ ભલુ સોલંકી, રોમા ભટી સોલંકી અને ચંદ્રિકાબેન સંજય વસાવા વિરુદ્ધ ગુનો નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## કોસમડી ગામ નજીક દારૂના જથ્થા સાથે બુટલેગર ઝડપાયો

અંકલેશ્વરઃ કોસમડી ગામના ડોલર એપાર્ટમેન્ટમાં રહેતો બુટલેગર સચિન સોનવણે સાંઈ વાટિકા સોસાયટીના નાકે મોપેડની ડીકીમાં દારૂનો જથ્થો સંતાડી વેચાણ કરે છે જેવી બાતમીના આધારે પોલીસે રેડ કરતાં તેની પાસેથી કિં. રૂ.14,630ની દારૂની 50 નંગ બોટલ મળી આવી હતી. પોલીસે મોપેડ, દારૂ કબજે કરી તેની અટકાયત કરી અન્ય બે આરોપીઓ જયેશ પ્રભાકર પવાર તેમજ પૂનમ અજય વસાવાને વોન્ટેડ જાહેર કર્યા છે.

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
सेन्ट्रल बैंक ऑफ इंडिया
Central Bank of India
અમરોલી રોડ શાખા : પોસ્ટ ઓફિસ પાસે, લુહાર ફળીયા, અમરોલી, સુરત-૩૯૪૧૦૭. Email: bmsura0514@centralbank.co.in

**ડિમાન્ડ નોટીસ**

૧) શ્રી કિશોર કુમાર લાખાભાઈ વિરાણી — તા. ૨૪.૦૩.૨૦૨૫
સરનામું: પ્લોટ નં. ૧૦, ઓપેરા હોમ્સ વિભાગ-૨, ગામ-કામરેજ, તાલુકા-કામરેજ, સુરત-૩૯૪૧૮૦. (ગુજરાત)

**સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, ૨૦૦૨ હેઠળ ૧૩(૨) નોટીસ**

૧. અમે તમારી વિનંતી અનુસાર કુલ રકમ રૂા. ૧૦,૦૦,૦૦૦/- (રૂા. દસ લાખ પુરા) ની ક્રેડીટની મર્યાદા સ્કીમ દ્વારા આપીએ છીએ. અને અમે અમારી અમરોલી શાખા દ્વારા વિવિધ ક્રેડીટની સુવિધાઓ આપેલ છે. જેની સંપૂર્ણ વિગતો નીચે પ્રમાણે છે. તમારી એવાઈડ લોનની રકમ શરતો મુજબ પાસ થયેલ.

૨. આપને જાણ કરવામાં આવે છે કે કુલ રકમ રૂા. ૧૧,૯૬,૯૮૫.૩૨/- (રૂા. અગ્યાર લાખ છન્નુ હજાર નવસો પંચ્યાસી અને બત્રીસ પૈસા પુરા) તા. ૨૯.૧૨.૨૦૨૪ થી ચડત વ્યાજ પર માસિક વ્યાજ સાથે વસૂલીના તારીખ સુધી.

| લોન નો પ્રકાર | લોનની રકમ | રકમનું વ્યાજ માસિક દર સાથે | તા. ૨૯.૧૨.૨૦૨૪ થી કુલ બાકી રકમ |
|---|---|---|---|
| હાઉસિંગ લોન | રૂા. ૧૦,૦૦,૦૦૦/- | ૯.૬૦ % | રૂા. ૧૧,૯૬,૯૮૫.૩૨/- |

આપને જાણ કરવામાં આવે છે કે રકમ રૂા. ૧૧,૯૬,૯૮૫.૩૨/- (રૂા. અગ્યાર લાખ છન્નુ હજાર નવસો પંચ્યાસી અને બત્રીસ પૈસા પુરા) વધુ વ્યાજ સાથે, તે સ્પષ્ટ કરવામાં આવ્યું કે પેનલ વ્યાજનું મુડીકરણ કરવામાં આવ્યું નથી અને એન.પી.એ.ની તારીખ પછી જમા કરાવેલી રકમ વ્યાજ જોડીને ગણતરી કરી ચુકવવા પાત્ર રહેશે.

૩. અમે તમને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જારી બેંક / દિશાઓ અથવા દિશાનિર્દેશો માર્ગદર્શિકા / વાયોલેનશના નિયમો અને શરતો અનુસાર લોન નોન પર્ફોર્મિંગ એસેટ્ તા. ૨૯.૧૨.૨૦૨૪ તરીકે લેણાની વર્ગીકૃત કરી છે. આપને બેંકના નાણાં ભરપાઈ કરવા વારેવાર ડીમાન્ડ નોટીસ દ્વારા અને મૌખિક વિનંતિઓ દ્વારા જાણ કરવામાં આવેલ છે, છતાં આજદિન સુધી આપે રકમ પરત કરેલ નથી.

૪. કરજદાર/જામીનદારને ઉપર જણાવેલ નામ વાળા વ્યક્તિએ રકમ ચુકવવામાં કસુરવાર થતી રકમ રૂા. ૧૧,૯૬,૯૮૫.૩૨/- (રૂા. અગ્યાર લાખ છન્નુ હજાર નવસો પંચ્યાસી અને બત્રીસ પૈસા પુરા) તા. ૨૯.૧૨.૨૦૨૪ ના રોજ થી વધુ વ્યાજ સાથે માસિક વ્યાજ સાથે, રકમની ચુકવણી માટે ફરી વખત દરખાસ્ત કરી માંગ હોવા છતા. સરફેસી એક્ટ કલમ ૧૩ (૨) હેઠળ તેઓ માંગણીની રકમ રૂા. ૧૧,૯૬,૯૮૫.૩૨/- (રૂા. અગ્યાર લાખ છન્નુ હજાર નવસો પંચ્યાસી અને બત્રીસ પૈસા પુરા) તા. ૨૯.૧૨.૨૦૨૪ ના રોજ થી વધુ વ્યાજ સાથે માસિક વ્યાજ રીતે ગણવામાં આવેલ હતા.

૫. આપને ખબર છે કે ઉપરોક્ત લીમીટ જે આપને આપેલ છે તે નીચે પ્રમાણે મુકરર અસ્કયામતોથી /જામીનગીરી થી સુરક્ષિત છે.

**સુરક્ષિત મિલકતોનું વર્ણન**

જે ખુલ્લો પ્લોટ નં. ૧૦ (નવું બ્લોક નં. ૩૮૪/૨/૧૦), ક્ષેત્રફળ ૪૪.૬૧ સ્કે. મીટર, અવિભાજીત સરખા ભાગનો ક્ષેત્રફળ ૭.૧૪ સ્કે.મીટર સોઓપી અને ક્ષેત્રફળ ૨૦.૮૫ સ્કે.મીટર, કોમન રોડ અને હાઉસિંગ એસ્ટેટના નામ થી જાણીતી "ઓપેરા હોમ્સ વિભાગ-૨", જમીનો એસઆઈબી પ્લોટ નં. ૨, બ્લોક નં. ૩૮૪ (આર.એસ. નં. ૩૯૪), ક્ષેત્રફળ ૪૨૩૩૪.૦૦ સ્કે.મીટર, બિન ખેતીલાયક જમીન, ગામ-કામરેજ, સબ જિ. કામરેજ, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત. ચતુરસીમા : ● ઉત્તરે : સોસાયટીનો ઈન્ટરનલ રોડ, ● દક્ષિણે : સેકસન આર-૨, પ્લોટ નં. ૧૯, ● પુર્વે : સેકસન -૨, પ્લોટ નં. ૧૧, ● પશ્ચિમે : સેકસન - ૨, પ્લોટ નં. ૯

૬. ઉપરોક્ત કારણોસર અમો આપને જણાવીએ છીએ કે રૂા. ૧૧,૯૬,૯૮૫.૩૨/- (રૂા. અગ્યાર લાખ છન્નુ હજાર નવસો પંચ્યાસી અને બત્રીસ પૈસા પુરા) તા. ૨૯.૧૨.૨૦૨૪ ના રોજ થી વધુ વ્યાજ સાથે માસિક વ્યાજ રીતે ગણવામાં આવેલ હતા. આ જાહેર ખબરના ૬૦ દિવસની અંદર બેંકના બાકી લ્હેણાં સંપૂર્ણ ભરપાઈ કરી દેવાં એમાં કસુર થશે તો, મુકરર મિલકત ઉપર સરફેસી કાયદા ૨૦૦૨ની કલમ ૧૩(૪) અંતર્ગત કાર્યવાહી કરવામાં આવશે. સદરહુ કાયદાની કલમ ૧૩ હેઠળ આપવામાં આવેલ સત્તાઓ ૧) સદર મુકરર મિલકતનો કબ્જો લઈ લીઝ પર આપી, ટ્રાન્સફર કરી એસાઈન કરી અથવા વેચીને બેંકના નાણાં વસૂલ કરી શકે છે. ૨) ઉધારકર્તાનો ધંધો ટેકઓવર કરી ટ્રાન્સફર કરી લીઝ પર આપી એસાઈન કરી વેચી શકે છે. 3) મુકરર મિલકત જેનો અમોએ (મુકરર લેણદાર)એ કબ્જો લીધેલ છે, તેના વહીવટ માટે મેનેજરની નીમણૂંક કરી શકે છે. જે સંપૂર્ણ હક્કો તેના મિલકતની તબદીલી તમોએ કરેલ છે એ પ્રમાણે કરી શકશે. ૪) લેખિતમાં નોટીસ આપીને જણાવી શકે છે કે કોઈપણ ઈસમ જેણે આપની કોઈપણ મુકરર મિલકત કબજે લીધેલ હોય અથવા કોઈપણ રકમ તમારી પાસે લ્હેણી નીકળવાની થતી હોય તે મુકરર લેણદારને આપી શકે જે સંપૂર્ણ દેવાં ભરપાઈ કરી શકવા સમર્થ હોય.

૭. ઉપરોક્ત સત્તાનો ઉપયોગ કરી મેળવેલ નાણાં સૌ પ્રથમ બધા ખર્ચાઓ, ચાર્જીસ અને ખર્ચા જે અમારા અભિપ્રાય પ્રમાણે અમોએ ખરેખર ખર્ચ કરેલ છે અથવા તેને લગતા આનુસંગિક ખર્ચાઓ બાદ કરીને પછી બેંકના ઉપરોક્ત બાકી લ્હેણાં આ નોટીસની તારીખથી નાણાં સંપૂર્ણ ભરપાઈ થાય ત્યાં સુધીના વ્યાજ સાથે અને પછી બાકી નીકળતાં જો હોય તો તે અન્ય વ્યક્તિ જે હકદાર છે તેને તેના હક્ક અને હિત પ્રમાણે અપાશે અને જો કોઈ હક્ક દાવા વાળી વ્યક્તિ નહી હોય તો ઉધારકર્તાને અપાશે.

૮. નોંધ લેશો કે તમો આ નોટીસ મળ્યા પછી આ નોટીસમાં જણાવેલ મુકરર મિલકત વેચાણથી ફેરબદલ ભાડેથી કે અન્ય કોઈપણ રીતે મુકકર લેણદારની લેખિત પરવાનગી સિવાય કરી શકાશે નહીં, આપનું ધ્યાન સરફેસી કાયદાની કલમ ૨૯ તરફ દોરવામાં આવે છે . જેમાં કાયદાનું પાલન નહીં કરવા બદલ ૧ વર્ષની જેલ અથવા દંડ અથવા બન્ને થઈ શકે છે.

૯. આપને જાણ કરવામાં આવે છે કે સરફેસી કાયદા ૨૦૦૨ મુજબ કાર્યવાહી કરી હોવા છતાં પણ અમો હક્કદારછીએ કે (૧) આપની સામે સમાંતર રીતે દાવા અરજી / કેસ કરી શકીએ છીએ અથવા ડી.આર.ટી / કોર્ટ જે હોય તેમાં જઈને બેંકના બાકી લ્હેણાં વસૂલ કરી શકીએ છીએ અથવા (૨) આપની સામે દાવા અરજી / કેસ કરીને કે ડી.આર.ટી. / કોર્ટમાં જઈને વ્યાજ સાથે વેચાણ કિંમતથી સંપૂર્ણ રકમ વસૂલ ન થાય ત્યાં સુધી જઈને વસૂલ કરી શકાશે. (૩) આપની સામે આપને કરેલ ગુના કે ભૂલ માટે કાયદાકીય રીતે ફોજદારી કાર્યવાહી કરી શકાશે.

૧૦. ઉધારકર્તાને ધ્યાનમાં પેટા કલમ(૮)ની સરફેસી એકટની કલમ ૧૩ની જોગવાઈ કરવા માટે આમંત્રિત કર્યા છે. ઉપલબ્ધ સમય બાબતમાં, સુરક્ષિત એસેટ્ રિડીમ કરવા માટે.

સ્થળ : સુરત
તારીખ : ૨૪.૦૩.૨૦૨૫
અસલ અંગ્રેજી થી અનુવાદ
સહી/-
ધિકૃત અધિકારી,
સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા